# મીઠામોરા પાટિયા પાસે અકસ્માતમાં બે મિત્રનાં મોત

**ડેડિયાપાડાથી** અંકલેશ્વર તરફ બે બાઇક ઉપર આવતાં મિત્રોને કેરિયર ગુડ્સ સાથે અકસ્માત

ઝઘડિયા: ડેડિયાપાડાથી અંકલેશ્વર આવતા એક યુવાન અને તેના મિત્રને વાહનચાલકે અડફેટે લેતાં બંનેને ઘટના સ્થળે જ કાળ ભરખી ગયો હતો. આ બનાવ અંગે ઝઘડિયા GIDC પોલીસ સ્ટેશનમાં ગફલતભરી ડ્રાઇવિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

ગત તા.2/10/2026 સાંજે અરસામાં ઝઘડિયાના મીઠામોરા ગામના પાટિયા નજીક અને રૂપનગર પાટિયા પાસે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અંકલેશ્વર રહેતા પ્રિતકુમાર મેલસંગભાઈ ઠાકોરે ઝઘડિયા GIDC પોલીસને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમનો ભાઈ વિનયકુમાર મેલસંગભાઈ ઠાકોર મો.સા.નં.(GJ-16-EJ-9849) અને તેમના મિત્ર રિષિકેશભાઈ રવિંદ્રભાઈ હળપે યામાહા FZ મોટરસાઈકલ પર ડેડિયાપાડાથી અંકલેશ્વર તરફ આવી રહ્યા હતા. દરમિયાન કેરિયર ગુડ્સ નં.(GJ.19.X.1972)ના ચાલકે પૂરપાટ ઝડપે હંકારી લાવી મોટરસાઈકલ અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં વિનયકુમાર અને રિષિકેશભાઈને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી અને ઘટના સ્થળે જ બંનેનાં મોત નીપજ્યાં હતાં. તેમને આ બનાવની જાણ તેમના ફોઈના પુત્ર આકાશભાઈ દ્વારા ફોન પર થઈ હતી. તેઓ તરત જ પહોંચતાં CHC વાલિયા હોસ્પિટલ ખાતે ગયા હતા. જ્યાં બંને યુવાનોના મૃતદેહ જોવા મળ્યા હતા. આરોપી અકસ્માત સર્જ્યા બાદ ગાડી ઘટના સ્થળે મૂકીને નાસી ગયો હતો. આ બાબતે ઝઘડિયા GIDC પોલીસ સ્ટેશનમાં કેરિયર ગુડ્સના અજાણ્યા ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

## કારેલીમાં દાઝી ગયેલી પરિણીતાનું મોત

પલસાણા: પલસાણાના કારેલી ગામની સૃષ્ટિ રેસિડન્સીમાં રહેતાં અને મૂળ ઝારખંડનાં ૨૭ વર્ષીય અંજુબેન શર્મા ૨૫ સપ્ટેમ્બરે રસોડામાં ગેસ સળગાવતી વખતે ભડકો થતાં ગંભીર રીતે દાઝી ગયાં હતાં. પતિ અને સંબંધીએ પાણી છાંટી આગ ઓલવી તેમને સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં, જ્યાં સારવાર દરમિયાન ૨જી ઓક્ટોબરે તેમનું મોત નીપજ્યું હતું.





# વાલોડના દાદરિયામાં દૂધ કલેક્શન સેન્ટર ઉપર પશુપાલકોનો હોબાળો

**સભાસદ** ન બનાવાતાં વિરોધ, સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો સુમુલ ડેરી ઘેરવાની ચીમકી

વાલોડ: વાલોડના દાદરિયા ગામે આવેલા સડક ફળિયાના દૂધ કલેક્શન સેન્ટર પર પશુપાલકો દ્વારા મોડી રાત્રે ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો. અહીંના સ્થાનિક સડક ફળિયાના અંદાજે 80થી વધુ પશુપાલકો છેલ્લાં 14 વર્ષથી મંડળીમાં દૂધ ભરી રહ્યા છે. આમ છતાં, તેમને મંડળીના અધિકૃત સભાસદ બનાવવામાં આવ્યા નથી અને સભાસદ પદના મળવાપાત્ર લાભોથી પણ વંચિત રાખવામાં આવ્યા છે.

આ મામલે જ્યારે ગ્રામજનો અને પશુપાલકોએ ડેરીના પ્રમુખ, મંત્રી તથા સંબંધિત હોદ્દેદારોને બોલાવીને છેલ્લાં વર્ષોનો હિસાબ માંગ્યો હતો અને સભાસદ પદ આપવાની રસીદ માટે રજૂઆત કરી, ત્યારે વાતાવરણ ઉગ્ર બની ગયું હતું. દિવસે તો ચર્ચા-વિચારણા દરમિયાન વિવાદ વધતાં એક શખ્સ ખેતકામમાં વપરાતા દાતરડા જેવા ધારદાર અને જીવલેણ હથિયાર સાથે આવી પહોંચ્યો હતો અને હુમલો કરવાનો પ્રયાસ કર્યો હોવાનો પણ ગામના લોકોએ ગંભીર આરોપ લગાવ્યો હતો. આ બોલાચાલી અને ઘર્ષણ બાદ સંચાલકો દ્વારા પશુપાલકોને કોઈપણ પ્રકારની પૂર્વ જાણ કર્યા વગર જ કિન્નાખોરી રાખી અચાનક રાત્રિના સમયે પશુપાલકોનું દૂધ સ્વીકારવાનું જ બંધ કરી દેવામાં આવ્યું હતું. પોતાની આજીવિકા સમાન દૂધનું કલેક્શન બંધ કરી દેવાતાં આક્રોશે ભરાયેલી મહિલાઓ સહિતના પશુપાલકો મોડી રાત્રે દૂધ સેન્ટર ખાતે મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા હતા. પશુપાલકો અને મહિલાઓએ ભારે રોષ સાથે આક્ષેપ કર્યો હતો કે 14 વર્ષથી દૂધ ભરવા છતાં માત્ર પોતાનો હક, સભાસદ પદ અને હિસાબ માંગવા બદલ તેમની સાથે આ પ્રકારનું અન્યાયી વલણ અપનાવવામાં આવ્યું છે.

ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો આ સમસ્યાનું તાત્કાલિક અને યોગ્ય નિરાકરણ લાવવામાં નહીં આવે તથા તેમનું દૂધ લેવાનું ફરી શરૂ કરવામાં નહીં આવે, તો તેઓ પોતાના પશુઓ (ગાયો અને ભેંસો)ને સાથે લઈને સીધા સુમુલ ડેરીના મુખ્ય મથકે પહોંચશે. ત્યાં જઈને જવાબદાર અધિકારીઓ સામે કડક વિરોધ પ્રદર્શન કરીને રજૂઆત કરવામાં આવશે.

# વૃદ્ધને ભાગ્ય ઉજળું કરવાનું કહી ઢોંગી બાવા દાગીના સેરવી ગયા

**કામરેજના** ડુંગર ગામ નજીક ખેતરાડી રસ્તા પર કારમાં આવેલા બે અજાણ્યાએ વૃદ્ધને છેતર્યા

કામરેજ: કામરેજના ચીખલી ગામે નિશાળ ફળિયામાં રહેતા હિંમતસિંહ રામસિંહ દેસાઈ નામના વૃદ્ધ ગત તા.૧૪મી સપ્ટેમ્બરે પોતાની બુલેટ બાઈક નં.(જીજે 05 એલકે 6020) લઈને વિહાણ ગયા હતા. ત્યાંથી ટ્રેક્ટરમાં હવા ભરાવીને પોતાના ખેતરમાં ચાલતું શેરડી કાપવાનું કામ જોવા માટે ટ્રેક્ટર ડ્રાઈવર જીતુ રાઠોડ સાથે ચીખલી ગામની સીમમાં ડોળીયાવાળી નહેર નજીકના રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન રસ્તા પર ઊભેલી એક નંબર વગરની સ્વિફ્ટ કારમાંથી કોઈકે બૂમ પાડતાં હિંમતસિંહે બાઈક બાજુ પર ઊભી રાખી હતી. કાર પાસે જઈ તપાસ કરતા અંદર બે ઈસમ બેઠા હતા. જેમાં પેસેન્જર સીટ પર મોં પર ભભૂતિ લગાવીને કાળાં કપડાં પહેરેલો એક ઈસમ બેઠો હતો. તેણે પોતાની ઓળખ 'ગીરનારી બાવા' તરીકે આપીને તમારું ભાગ્ય ઉજળું કરી શકું છું એવી લાલચ આપી હતી. ઢોંગી બાવાએ હિંમતસિંહના બંને હાથ પર રૂ.૫૦૦ની બે નોટો મૂકી 'જય ગીરનારી' બોલવાનું કહી મંત્ર જાપ શરૂ કર્યો હતો. ત્યારબાદ તેમની પાસેથી સોનાની વીંટી માંગી મંત્રીને પરત આપી દીધી હતી. વિશ્વાસ કેળવ્યા બાદ બાવાએ કહીને સોનાની ચેઈન અને સોનાનું કડું માંગી લીધું હતું. તેણે પીઠ ફેરવીને ઊભા રહેવા તથા પાછળ જોશો તો અહિત થશે તેવી ધમકી આપી કાર લઈને ડુંગર ગામ તરફ ભાગી છૂટ્યો હતો. તરકટનો ભોગ બનેલા વૃદ્ધે રૂ.૧,૮૯,૦૦૦ની કિંમત સોનાનાં ઘરેણાંની ઠગાઈ અંગે કામરેજ પોલીસ મથકે બે અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી.

# સાયણમાં ગુનાખોરી રેટ 80 ટકા વટાવી ગયો

**સાયણની** ગ્રામસભામાં રખડતાં ઢોર, પ્રદૂષણ, મિલકત આકારણી સહિતના વિવિધ પ્રશ્નો ગાજ્યા




સાયણ: સાયણ ગ્રા.પં.ની મહિલા સરપંચ ભાવનાબેન મનીષભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને શુક્રવારે યોજાયેલી ગ્રામસભામાં ઉપસ્થિત જાગૃત લોકોએ ગામની વિવિધ સમસ્યા અને પડતર પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો.

આ ગ્રામસભામાં ઉપસ્થિત ગ્રામજનો અને ખેડૂતોએ બળાપો કાઢ્યો હતો કે, છેલ્લાં ઘણાં વર્ષથી સાયણના જાહેર માર્ગો અને ગામતળમાં રખડતાં ઢોરોના ત્રાસ અને મળમૂત્રથી ગંદકી તેમજ અકસ્માતો થઈ રહ્યા છે.

ઉપરાંત રખડતાં ઢોરો વારંવાર ખેતરના ઊભા પાકનું ભેલાણ કરી નુકસાન કરી રહ્યા હોવા બાબતની રજૂઆતો પણ વાંઝણી પુરવાર થઈ છે. જેથી સરકારી અને પોલીસ તંત્ર દ્વારા આવા પશુપાલકો સામે ફોજદારી ગુનો દાખલ કરી પશુઓને પાંજરાપોળ મોકલી આપવાની માંગ કરવામાં આવી હતી. જોકે, આ સમસ્યા હલ કરવા ગ્રા.પં.એ મૌખિક બાંયધરી આપી હતી કે, ઓલપાડમાં ગૌશાળા બનાવવાની વિચારણા ચાલી રહી હોવાથી આ રખડતાં ઢોરોને ત્યાં મોકલી દેવામાં આવશે. જ્યારે ગ્રામસભામાં દીપક પટેલે વેરા વસૂલાત મામલે મુદ્દો ઉઠાવ્યો હતો કે, ગામમાં કેટલીક એવી મિલકતો પણ છે કે, જેની આજદિન સુધી આકારણી થઈ જ નથી. છતાં તેઓ પંચાયતની તમામ સુવિધાઓ મેળવી રહ્યા છે. આ બાબતે સભામાં ઉપસ્થિત સુ.જિ.પં. સાયણ સીટના સભ્ય અને કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલે ખાતરી આપી હતી કે, આ બાબતે એક ટીમ બનાવી ગામની સમગ્ર મિલકતનો સરવે કરાવીશું અને જેનો વેરો બાકી હશે તેને નોટિસ આપી વેરો ભરાવીશું અને જો વેરો ન ભરશે તો તે ઘરનું વીજ કનેક્શન કાપી નાંખવામાં આવશે. જ્યારે આ સભામાં વોટરજેટનું કેમિકલયુક્ત ગંદું પાણી ખુલ્લી ખાડીઓમાં છોડવામાં આવે છે તે બાબતે ગંભીર ચર્ચા થઈ હતી. આવા પ્રદૂષિત પાણીને કારણે પર્યાવરણને નુકસાન થતું હોવાની રજૂઆત ગ્રામજનોએ કરી હતી. ઉપરાંત ઉપસ્થિત ગ્રામજનોએ રોષ ઠાલવ્યો હતો કે, સાયણ સહિત આજુબાજુનાં ગામનાં ઔદ્યોગિક એકમોના કારણે પરપ્રાંતીય શ્રમિકો પૈકી અસામાજિક તત્ત્વોના કારણે સાયણ આ.પો. ચોકીના ચોપડે ગુનાહિત ક્રાઇમ રેટ ૮૦ ટકાને વટાવી ચૂક્યો છે.

જેથી આ ગુનાખોરી નાથવા સાયણ આ.પો. ચોકીના બદલે પોલીસ સ્ટેશનનો દરજ્જો આપવા માંગ કરવામાં આવી હતી આ ગ્રામસભામાં તા.પં. અને ગ્રા.પં.ના સભ્યો, ડેપ્યુટી સરપંચ શૈલેષ પટેલ, સિંચાઇ વિભાગના અધિકારી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



# દહેજમાં ફિલાટેક્સ કંપનીના વેરહાઉસમાં ભીષણ આગ

ભરૂચ: ભરૂચના દહેજ ખાતે આવેલી ફિલાટેક્સ કંપનીમાં ભયંકર આગ લાગવાની ઘટના સામે આવી છે. કંપનીના વેરહાઉસમાં કોઈ અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠતાં સમગ્ર પરિસરમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વેરહાઉસમાં આગે ક્ષણવારમાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દૂર દૂર સુધી આગની વિરાટ જ્વાળાઓ અને કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા આકાશમાં જોવા મળ્યા હતા. ઘટનાને પગલે કંપનીમાં કામ કરતા કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. આગની ગંભીરતાને ધ્યાને રાખીને તુરંત જ ઘટના સ્થળે ફાયર બ્રિગેડની ટીમો પહોંચી હતી. ફાયરની ટીમો દ્વારા સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. હાલ આગ લાગવાનું સાચું કારણ જાણી શકાયું નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### કડોદમાં સિવણ અને બ્યુટીપાર્લર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ




કડોદ: કડોદ અને આસપાસના વિસ્તારની મહિલાઓને આત્મનિર્ભર બનાવી સ્વરોજગારી આપવાના હેતુથી 'સેવાયજ્ઞ ટ્રસ્ટ, કડોદ' અને 'દિવાળીબેન ટ્રસ્ટ, બારડોલી' સંચાલિત નિ:શુલ્ક સિવણ તથા બ્યુટીપાર્લર તાલીમ વર્ગોની પ્રથમ બેચનો પ્રમાણપત્ર વિતરણ સમારંભ યોજાયો હતો. નલીનભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર 42 બહેનોને ઉકા તરસાડિયા યુનિવર્સિટી માન્ય પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં. સમારંભમાં ઘનશ્યામભાઈ ગાંધી અને નલીનભાઈ જોષીએ મહિલા સશક્તિકરણના મહત્ત્વ પર પ્રકાશ પાડી ભવિષ્યમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. ટ્રસ્ટી નિલેશભાઈ પારેખે સંચાલન અને ઉમેશભાઈ જોષીએ આભારવિધિ આટોપી હતી.

### માંડવીની હરિઓમ વિદ્યાવિહાર શાળાનું ગૌરવ




માંડવી: માંડવીના વરજાખણ ખાતે તાજેતરમાં તાલુકા કક્ષાના 'ખેલ મહાકુંભ ૨૦૨૬-૨૭'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતગમત સ્પર્ધામાં પ્રફુલ્લતા સેવા કર્મ ટ્રસ્ટ, વ્યારા દ્વારા સંચાલિત હરિઓમ વિદ્યાવિહાર પ્રાથમિક શાળા, માંડવીના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. આ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી કબડ્ડીની સ્પર્ધામાં હરિઓમ વિદ્યાવિહાર શાળાની અન્ડર-૧૪ ભાઈઓની ટીમે રમતનું પ્રદર્શન કરી તાલુકા કક્ષાએ ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં પણ શાળાના વિદ્યાર્થીઓએ ઝળહળતી સિદ્ધિઓ મેળવી છે, જેમાં અન્ડર-૧૧ ની ૫૦ મીટર દોડ સ્પર્ધામાં શ્રુતીકા દીપકભાઈ ચૌધરીએ પ્રથમ નંબર, અન્ડર-૧૪ ની ૬૦૦ મીટર દોડ સ્પર્ધામાં પ્રિન્સ શાંતિલાલ વસાવાએ દ્વિતીય ક્રમાંક અને સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ સ્પર્ધામાં રિહાકુમારી નારાયણ સિંહ ચૌહાણે ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ બદલ શાળાનાં પ્રમુખ ગજરાબેન ચૌધરી, કેમ્પસ ડાયરેક્ટર નાનસિંગભાઈ ચૌધરી, શાળાના આચાર્ય ચતુરભાઈ ડી. વસાવા તેમજ ટીમનાં કોચ અસ્મિતાબેન ગામીત સહિત સમગ્ર શિક્ષકગણ અને શાળા પરિવારે તમામ વિજેતા બાળકોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

### કામરેજની રામકબીર શાળામાં રંગોળી સ્પર્ધા તેમજ ચિત્ર પ્રદર્શન યોજાયું




કામરેજ: કામરેજ ચાર રસ્તા સ્થિત ભારતીય વિદ્યામંડળ સંચાલિત ધી.કે. વી.કો. ઓ.મા. શાળા,રામકબીર હાઇસ્કુલમાં શનિવારના રોજ જિલ્લા કક્ષાની રંગોળી સ્પર્ધા તેમજ ચિત્ર પ્રદર્શન યોજાયું હતું. રંગોળી તૈયાર કરવા માટે અનાજ-કઠોળ, ઈંટનો ભૂકો, ચૂનો, દોરા, પીંછા, કાપડના ટુકડા, ફૂલ પાંદડીઓ, ડાળીઓ, સફેદ રેતી, પીળી અને લાલ માટી, નાના મોટા પથ્થરના ટુકડાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં ગ્રામ્ય વિસ્તારની 179 શાળાના 322 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ સમીર મોદી, શિક્ષણ સમિતિના ચેરમેન હાર્દિક પટેલ, કામરેજ તાલુકા સંગઠન પ્રમુખ સુચેતન પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના સભ્ય ભૂમિકાબેન પટેલ, મહેશ સોલંકી, જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના EI ધર્મેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા. વિજેતાઓ મહાનુભાવોના હસ્તે ઘડિયાળ તેમજ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ખુબ જ સુંદર આયોજન બદલ સર્વે મહાનુભાવો તેમજ સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ ભક્ત, મંત્રી પરેશ ભક્ત, ખજાનચી જીગ્નેશ ભક્તએ શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ, માધ્યમિક વિભાગના નિરીક્ષક કમલેશભાઈ, ઉચ્ચતર માધ્યમિક વિભાગના નિરીક્ષક કેતન દેસાઈ તથા શાળા પરિવાર ના તમામ કર્મયોગી મિત્રોને અભિનંદન પાઠવી વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન સહ ઉજ્વળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

### કુકરમુંડામાં ચાર બળદની હેરાફેરી

કુકરમુંડા: કુકરમુંડા પોલીસે મોરંબા ચાર રસ્તા નજીકથી ક્રૂરતાપૂર્વક હેરાફેરી કરાતા ૪ બળદ ભરેલી બોલેરો પિકઅપ નં.(GJ-16-W-0567) ઝડપી પાડી હતી. પોલીસે ૨ આરોપી સાગબારાના દેવીસીંગ વસાવા અને ગણપત વસાવાની અટકાયત કરી ૪૦ હજારના બળદ, ગાડી અને મોબાઇલ મળી કુલ ૧.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તો કીરૂ વસાવા, કમુ વસાવા અને આબિદનેને વોન્ટેડ જાહેર કરાયા હતા.

# અંકલેશ્વરમાં સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદ

**બે** મહિલા આરોપીની ધરપકડ, મુખ્ય આરોપી ફરાર

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરમાં 16 વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યાનો ચોંકાવનારો આક્ષેપ સામે આવ્યો છે. આ મામલે સગીરાની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે બે મહિલા આરોપીની ધરપકડ કરી છે. જ્યારે મુખ્ય આરોપીની શોધખોળ ચાલી રહી છે.

પોલીસ સૂત્રો અનુસાર ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે અંકલેશ્વરના અહેમદ હુસેન શેખ ઉર્ફે કેફે 14 અને 15 સપ્ટેમ્બર, 2026ના રોજ સગીરાના ઘરે તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ દરમિયાન સગીરાને લગ્નની લાલચ પણ આપવામાં આવી હતી. ફરિયાદ મુજબ, સગીરાની માતા મુંબઈ ગઈ હતી તે સમયગાળા દરમિયાન આ ઘટના બની હતી.

ઉપરાંત સ્પામાં કામ કરતી મહિમા અર્જુન યાદવ અને સીમરન રમેશ ચંદર નામની બે મહિલા સામે પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

આરોપ છે કે તેમણે સગીરા પર અહેમદ હુસેન શેખ સાથે સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. આ મામલે પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે અને મહિમા અર્જુન યાદવ તથા સીમરન રમેશ ચંદરની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી અહેમદ હુસેન શેખ ઉર્ફે કેફની ધરપકડ માટે પોલીસે તપાસ અને કાર્યવાહી શરૂ કરી છે.

# પીપોદરા GIDCમાં ઉછીના રૂપિયા બાબતે યુવાન પર હુમલો

**'હાલ** પૈસા નથી, આવશે ત્યારે આપીશ' તેમ કહેતાં યુવાનને ચાર જણાએ ફટકાર્યો

**માથાના** ભાગે તથા શરીરે માર મારી ઇજા પહોંચાડતાં સુરત સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો

હથોડા: પીપોદરા જીઆઈડીસી વિસ્તારમાં અગાઉ આપેલા પૈસાની ઉઘરાણી મુદ્દે થયેલી બોલાચાલીમાં એક યુવાન પર ચાર શખ્સે લાકડાના ફટકા અને ઢીકામુક્કી વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ સામે આવ્યો છે. પોલીસે ચાર હુમલાખોરો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગત મુજબ પીપોદરા જીઆઈડીસી ખાતે આવેલી બંસરી ટેક્સટાઈલના પ્લોટ નં.66થી 69માં રાજુભાઈના ખાતામાં વોટર જેટ લૂમ્સ માસ્તર તરીકે ફરજ બજાવતા જીતેન્દ્રકુમાર શાહુ નજીકની દુકાને ગુટખા લેવા ગયા હતા. એ સમયે સ્થાનિક રહીશ સમીર, 'ટકલો' ઉર્ફે સ્વાધીનકુમાર, 'કાલીયા' અને 'લંબુ' નામના ચાર શખ્સોએ તેમને આંતર્યા હતા.

હુમલાખોરોએ અગાઉ ઉછીના આપેલા પૈસાની માંગણી કરતા જીતેન્દ્રકુમારે હાલ પૈસા નથી, આવશે ત્યારે આપીશ તેમ કહ્યું હતું. આ બાબતે ઉશ્કેરાઈને સમીરે માથામાં લાકડાનો ફટકો મારી જીતેન્દ્રકુમારનું માથું ફોડી નાંખ્યું હતું. ત્યારબાદ અન્ય શખ્સોએ ઢીકામુક્કીનો માર મારતાં જીતેન્દ્રકુમાર કચરાના ઢગલા પર બેભાન થઈને ઢળી પડ્યા હતા.

બનાવની જાણ થતાં તેમનો ભાઈ ધર્મેન્દ્રકુમાર શાહુ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. શોધખોળ બાદ કચરાના ઢગલા પરથી બેભાન અવસ્થામાં મળી આવેલા જીતેન્દ્રકુમારને તાત્કાલિક સારવાર અર્થે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હુમલો કર્યા બાદ તમામ આરોપીઓ ભાગી છૂટ્યા હતા. આ અંગે પાલોદ પોલીસે ગુનો દાખલ કરી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

## કામરેજમાં બાઈક ગાય સાથે અથડાતાં યુવકનું મોત

કામરેજ: મૂળ રાજસ્થાનના રાજસમંદના સીસોદા અને હાલ કામરેજના નવાગામની હદમાં આવેલી શાંતિવિલા સોસાયટીમાં મકાન નં.119માં રહી ધોરણપારડી ખાતે સસ્તા અનાજની દુકાન ચલાવતા દિનેશ ડાલુભાઈ ચૌહાણ (ઉં.વ.46) બે દિવસ રાત્રિના આઠ કલાકે પોતાની હોન્ડા યુનિકોન બાઈક નંબર જીજે 05 યુએફ 0167 લઈને ઘરે આવી રહ્યા હતા. ત્યારે ખોલવડથી કામરેજ ચાર રસ્તા સર્વિસ રોડ પર કામરેજ ગામની સીમમાં વામદોત પેટ્રોલ પંપની સામે રસ્તામાં ગાય આવી જતાં બાઈક ગાય સાથે અથડાતાં બાઈક ચાલક દિનેશને માથા તેમજ શરીરે ગંભીર ઈજા થતાં સારવાર માટે ખોલવડની દીનબંધુ હોસ્પિટલ બાદ સુરતની ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં શુક્રવારે રાત્રે હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

# કડોદરાની બિંદલ મિલના મેનેજર ઉપર હુમલો

**બ્લેક** લિસ્ટમાંથી નામ હટાવવા બાબતે પૂર્વ કારીગરે લાફો ઝીંક્યો

પલસાણા: કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી બિંદલ મિલના મેનેજર પર હુમલો થયાની ઘટના સામે આવી છે. આ મામલે પલસાણાના કડોદરા ખાતે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી રામચંન્દ્ર કિશનલાલ નયન (ઉં.વ.૬૨) છેલ્લાં સાત વર્ષથી બિંદલ મિલમાં ફેક્ટરી મેનેજર તરીકે નોકરી કરે છે, તેમણે આ અંગે પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યાનુસાર તા.૧ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ રાત્રિના આઠ વાગ્યાના અરસામાં મેનેજર રામચંન્દ્ર નયન મિલના ગેટ પાસે બેઠા હતા. એ સમયે અગાઉ ઝેડ મશીન ઓપરેટર તરીકે કામ કરતા અને બે મહિના પહેલા કંપનીમાંથી બ્લેક લિસ્ટ કરાયેલો કારીગર શક્તિ ત્યાં આવ્યો હતો. શક્તિએ મેનેજરને પોતાનું નામ બ્લેક લિસ્ટમાંથી હટાવવા માટે જણાવ્યું હતું. મેનેજરે તેને બીજા દિવસે સવારે આવવા માટે કહેતાં શક્તિએ ઉશ્કેરાઈને જણાવ્યું હતું કે, નીરજ તથા ગોલુ ઉર્ફે સતીષ (બંને રહે.,કડોદરા બ્લોઝમ પાર્ક)એ તેને કહ્યું છે કે જો મેનેજર બ્લેક લિસ્ટમાંથી નામ ન હટાવે તો તેમને થપ્પડ મારી દેવી. એમ કહી શક્તિએ મેનેજરના મોં પર એક થપ્પડ મારી દીધી હતી અને ત્યાંથી ભાગી ગયો હતો. આ ઘટના બાબતે મેનેજરે બીજા દિવસે એટલે કે તા.૨ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં શક્તિ, નીરજ અને ગોલુ ઉર્ફે સતીષ એમ ત્રણેય ઈસમ વિરુદ્ધ કાર્યવાહી કરવા ફરિયાદ આપી હતી. પોલીસે ગુનો નોંધી આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ બહાદુરભાઈ ચૌધરીને સોંપી છે.

# અંકલેશ્વરના કેશવ પાર્કના કોમન પ્લોટ પર શાળા સંચાલન મુદ્દે ફરી વિવાદ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના પીરામણ રોડ પર આવેલી કેશવ પાર્ક સોસાયટીના કોમન પ્લોટ પર સંચાલિત શ્રી શ્રવણ વિદ્યાભવન શાળાને લઈ કાયદાકીય વિવાદ વકર્યો છે. આ અંગે ગત તા.29 સપ્ટેમ્બરના રોજ અરજદાર દ્વારા ઠેર ઠેર બેનર લગાવી વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સાથે જ તેઓએ આ જમીન પર ગેરકાયદે શાળા ઊભી કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. ઉપરાંત 1994માં 99 વર્ષના ભાડા કરારના આધારે જમીન ફાળવવામાં આવી હોવાનો દાવો કરી તેની કાયદેસરતા અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે, ત્યારે શનિવારે કેશવ પાર્કના કોમન પ્લોટના મુદ્દે સ્થાનિકોએ શ્રવણ વિદ્યાભવન શાળા બહાર હાથમાં પ્લે-કાર્ડ સાથે શાંતિપૂર્ણ દેખાવો કર્યો હતો.